<u>ઈ-મેઈલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )
<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર
(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર
(gswan-conn@gujarat.gov.in)
(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ
<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.
**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઈટ અપલોડ/૩૨/૨૦૨૪, તા.૨૯/૦૧/૨૦૨૪
**<u>વિગત</u> :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઈટી/ ૧૦૨૦૧૧/૩૦/આઈટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૨/૦૧/૨૦૨૪ થી તા.૨૮/૦૧/૨૦૨૪** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) કમલાબાગ પો.સ્ટે. જા.જોગ નં.૦૫/૨૦૨૪ તા.૧૮/૧/૨૪ મુજબ ચેતનાબેન D/O મોહનભાઇ ડોડીયા રહે.અમરદળ ગામ તા.રાણાવાવ જી.પોરબંદર વાળી તા.૧૬/૧/૨૪ ના ક.૧૪/૦૦ વાગ્યાના અરશામાં તા.૧૮/૧/૨૦૨૪ ના અરશામાં બગવદર પો.સ્ટે. PSI શ્રી એ.એસ.બારા તથા સ્ટાફ નાઓ દ્રારા ફટાણા ગામ તા.જી.પોરબંદરથી તેમના પૂર્વ પતિના ઘરેથી શોધી કાઢેલ છે.

(૨) ઉદ્યોગનગર પો.સ્ટે. પાર્ટ–A ૦૪૬૨/૨૦૨૩ I.P.C. ક.૩૬૩,૩૬૬ મુજબ મુજબ ભુમીકાબેન D/O ભીખુભારથી ગોસ્વામી રહે. જ્યુબેલી બરડાઇ સમાજ પાસે પોરબંદર વાળી તા.૨૦/૧/૨૦૨૪ ના રોજ પેરોલ ફર્લો સ્કવોડ પોરબંદર નાઓ દ્રારા બગથરા ગામ જી.મોરબીથી શોધી કાઢેલ છે.

(૩) હાર્બર મરીન પો.સ્ટે. જા.જોગ.નં. ૦૨/૨૦૨૪ તા.૪/૧/૨૦૨૪ મુજબ જય રમેશભાઇ છેલાણા રહે. ઓડદર ગામ તા.જી. પોરબંદર મુળ રહે. ધરમપુર તા.ખંભાળીયા જી.દેવભૂમી દ્રારકા વાળી તા.૫/૧/૨૦૨૪ ના રોજ ગુમ થનાર તેના પલક પીતા રામસેવક ગુપ્તા સાથે ઉતરપ્રદેશના સોનભદ્રા જીલ્લાના પતરીહા ગામથી હાર્બર મરીન પો.સ્ટે. PI શ્રી એસ.ડી.સાળંકે તથા તેમના સ્ટાફ નાઓ દ્રારા શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચા/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**

(૧) તા.૧૬/૦૧/૨૦૨૩ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એમ.રાઠોડ તથા પો.સ.ઇ.એસ.સી.નિમાવત તથા પો.સ.ઇ.પી.એસ.જોષી તેમજ મહિલા પોસ્ટેના સ્ટાફ દ્વારા તેમજ મહિલા અભિયમ ૧૮૧-ના કાઉન્સીલર દ્વારા ભાવસીંહજી હાઇસ્કુલ પોરબંદર સ્કુલના પ્રિન્સિપાલ તેમજ શિક્ષકોની ઉપસ્થિતિમા પોરબંદરની ભાવસીંહજી હાઇસ્કુલ પોરબંદરના આશરે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને જાગ્રુતિકરણ અંગે સેમિનારમાં, બાળ રક્ષણ અંગેના તેમજ બાળ શોષણ વિરુધ્ધના કાયદાઓ વિષે તેમજ વિદ્યાર્થીઓને સ્પે.પોક્સો એક્ટ **૨૦૧૨** ના કાયદા અંતર્ગતની વિગતવારની માહિતિ આપવામાં આવી તેમજ ગૂડ ટચ, બેડ ટચ અંગેની માહિતી આપવામાં આવી. જરુર પડ્યેથી તુરત જ ઇમરજન્શી હેલ્પ લાઇન નંબર ચાઇલ્ડ હેલ્પ લાઇન નં-**૧૦૯૮** બાબતે તેમજ **૧૦૦, ૧૧૨**, તથા મહિલા હેલ્પ લાઇન ૧૮૧ ઉપયોગમાં લેવા બાબતે સમજ કરી, તેમજ છેડતી/મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યાઓ અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે અંગેની જાણકારી આપી તેમજ આ ઉપરાંત વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડ તેમજ સોશીયલ મીડીયામા કોઇ હેરાન કરે તો તે અંગે સાયબર હેલ્પ લાઇન નં.૧૯૩૦ પર સંપર્ક કરવા સમજ કરી, સાયબર ક્રાઇમ ફ્રોડ થતો અટકાવવા બાબતે જાણકારી આપવામાં આવી, તેમજ ફરીયાદ કરનારની ઓળખ ગુપ્ત રાખવામા આવશે. તે અંગે પણ જાણકારી આપવામાં આવી તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની ઓનલાઇન ફરીયાદ બાબતે તથા સિટીઝન ફર્સ્ટ એપ વિષે વિગતવાર માહિતિ આપવામાં આવી તેમજ આજુબાજુમા નશીલા પદાર્થનુ સેવન કરતા હોય તેમજ વેચાણ કરતા હોય તેની જાણકારી પોલીસ ને આપવી તેમજ રાસ્ટ્રીય માર્ગ સલામતી વર્ષ **૨૦૨૪** ના ટ્રાફીક સપ્તાહ ની ઉજવણી નીમીતે તમામને ટ્રાફીક નિયમોનુ પાલન કરવા તેમજ ટ્રાફીક નિયમો વિષેની માહિતી આપેલ તેમજ ટ્રાફીક સીગ્નલનુ પલાન કરવા સુચનાઓ આપવામા આવેલ.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય**

(૧) ઉદ્યોગનગર પાર્ટ એ ૫૯૨/૨૩ IPC ક.૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૩૬૪, ૩૦૨, G.P.A. ૧૩૫ મુજબ ના કામે લાલશાહીથી ના.ફ. આરોપી બહેન આશાબેન વા/ઓ રાજુ ભીખુભાઇ કેશવાલા, ઉ.વ.૪૦, રહે.સુરૂચી સ્કુલની સામેની ગલીમા જુહુ પાર્ક "ખોડીયાર કૃપા" પોરબંદર વાળાને ગઇ તા.**૨૭/૦૧/૨૪** ના ક.૧૭/૧૦ વાગ્યે એસ.આર.ચાવડા પો.સબ.ઇન્સ.ઉદ્યોગનગર પો.સ્ટે.પોરબંદર વાળાએ ધોરણસર અટક કરેલ છે.

(૨) કમલાબાગ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૯૨૩૦૦૦૪/૨૦૨૩ IPC ક. ૪૦૯,૪૧૯,૪૨૦,૫૦૪,૫૦૬(૨), ૫૦૭, ૩૪,૧૨૦(બી) તથા ધ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ-૨૦૦૦ ની કલમ-૬૬(ડી) મુજબ અધિકારીઓ તથા કર્મચારીઓએ ટેકનિકલ સોર્સના આધારેતા.૨૩/૦૧/૨૪ ના ક.૦૨/૦૦ વાગ્યે આરોપીના રહેણાક વિસ્તાર ૧૦૪ શિવપાર્ક રેસીડેન્સી ઉમરાગામ વેલેન્જા સુરત મુકામે જઇ આરોપી શૈલેષ મનજીભાઇ વઘાસીયા ઉ.વ.૪૬ જાતે-પટેલ ધંધો-મજુરીકામ રહે,હાલ- ૧૦૪ શિવપાર્ક રેસીડેન્સી ઉમરાગામ વેલેન્જા સુરત મુળ-વિસાવડ તા.વિસાવદર જી.જુનાગઢ મો.નં.૯૭૨૬૯૦૦૪૫૬ વાળો મળી આવેલ આરોપીને તા.૨૪/૦૧/૨૪ ના ક.૧૨/૦૦ વાગ્યે ધોરણસર અટક કરેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૨૨/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે. શી ટીમના કર્મચારીઓ દ્વારા સુદામા મંદિરમાં આવેલ બહેનોને મહિલા સુરક્ષા તથા મહિલા હેલ્પ લાઇન ૧૮૧ તથા ડાયલ ૧૦૦ નંબર વિશે જરૂરી માર્ગદર્શન આપેલ.

(૨) તા.૨૩/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના અધિકારી /સ્ટાફ દ્વારા સ્કુલ, કોલેજ, વાડીપ્લોટ, ચોપાટી વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા, તેમજ મહીલાઓને ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી.

(૩) તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના અધિકારી /સ્ટાફ દ્વારા સુદામાચોક, બંગડી બાજાર, ચોપાટી, શાકમાર્કેટ તથા ભીડભાડ વાળા વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

(૪) તા.૨૫/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના અધિકારી/સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમાં ભીડ ભાડવાળી જગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમા શી ટીમની કામગીરી કરેલ જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે,૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી

(૫) તા.૨૬/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે. ના અધિકારી /કર્મચારીઓ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

(૬) તા.૨૭/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના અધિકારી/કર્મચારીઓ દ્વારા ચોપાટી વિસ્તારમા ભીડ ભાડવાળી જગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમા શી ટીમની કામગીરી કરેલ જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે,૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી

(૭) તા.૨૮/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના અધિકારી/કર્મચારીઓ દ્વારા સુદામાચોક, બંગડી બાજાર, ચોપાટી, શાકમાર્કેટ, ભીડભાડ વાળા વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા, તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

(૮) તા.૨૫/૦૧/૨૦૨૪ ના રોજ હાર્બર મરીન પો.સ્ટે.ના શી ટીમના કર્મચારીઓ દ્વારા જાવર ગામમાં પેટ્રોલીંગ કરેલ. દરમ્યાન સીનીયર સીટીજન મુલાકાત કરી .તેમજ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ તેમજ મુશ્કેલી હોય ૧૦૦ નંબરનો તથા મહીલાઓને મહીલા હેલ્પ લાઈન નં.૧૮૧ વિશે જાણકારી આપેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

તા.૨૫/૦૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એમ.રાઠોડ ના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ કે.એમ.સૈયદ, પો.સ.ઇ. પી.એસ.જોષી તથા પો.સ.ઇ.એસ.સી.નિમાવત દ્વારા ખારવાવાડ વિસ્તારના રત્નસાગર હોલ ખાતે મહિલા સશક્તિકરણ અંગેનો સેમીનાર યોજવામાં આવ્યો જેમાં ખારવાવાડની આશરે ૬૦ જેટલી મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી/મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યાઓ માટેની કાયદાકીય સલાહ તેમજ જરૂરી માહિતી પુરી પાડવામાં આવી, તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય, તે અંગે તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઇનનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે સમજ કરી અને મુશ્કેલીના સમયમાં ,૧૮૧ હેલ્પ લાઇનનો ઉપયોગ કરવા બાબતે તેમજ તુરતજ પોલીસનો સંપર્ક કરવા અને ૧૦૦/૧૧૨ હેલ્પ લાઇનનો જરૂર પડ્યેથી ઉપયોગ કરવા સમજ કરી તેમજ કાયદાકીય માહિતી, કાનુની સહાય અને રક્ષણ કઇ રીતે મેળવી શકાય જે બાબતની વિગતવારની જાણકારી આપવામા આવી તથા સાયબર ફ્રોડ બાબતે જાણકારી આપી તેમજ સોશીયલ મીડીયામા કોઇ હેરાન કરે તો સાયબર હેલ્પ લાઇન નં.૧૯૩૦ પર સંપર્ક કરવા સમજ કરી તેમજ ફરીયાદ કરનારની ઓળખ ગુપ્ત રાખવામા આવશે. તે અંગે જાણકારી આપી. તેમજ જીલ્લા વિવિધ લક્ષી મહિલા કેન્દ્ર કમલાબાગ વિસ્તાર પોરબંદરમા મહિલાઓને જાગ્રુતી સેમીનાર યોજેલ જેમા ઘરેલુ હિંસા, છેડતી/મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યાઓ અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે અંગે જાણકારી આપી.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર